પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦ | ૧૧ એપ્રિલ, ૨૦૧૯, ગુરૂવાર; ચૈત્ર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

આજે ૯૧ બેઠક પર પ્રથમ તબક્કાનું મતદાન

૨૦ રાજ્યોને આવરી લેતી ૯૧ બેઠકો પર અનેક દિગ્ગજો મેદાનમાં : ૧૭મી લોકસભાની પસંદગી માટે મતદાનની શરૂઆત : યુપી, બિહાર, બંગાળ પર તમામની નજર રહેશે

નવી દિલ્હી,તા. ૧૦

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ૧૭મી લોકસભાની ચૂંટણી માટેની પ્રક્રિયા આવતીકાલે પ્રથમ તબક્કામાં મતદાન સાથે થનાર છે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોને આવરી લેતી ૯૧ સીટ પર આવતીકાલે મતદાન થશે. અભૂતપૂર્વ સુરક્ષા અને ભારે ઉત્સા વચ્ચે મતદાન થનાર છે. તમામ મતદાનવાળા રાજ્યોમાં તમામ તૈયારી કરી લેવામાં આવી છે. પ્રથમ તબક્કામાં પણ મોટા રાજ્યોમાં મતદાન પર તમામની નજર રેશે. મારાષ્ટ્રમાં સાત સીટો પર ૧૨૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આવી જ રીતે ઉત્તરપ્રદેશમાં પાંચ બેઠકો પર ૫૨ ઉમેદવારો મેદાનમાં છે. અહીં ભાજપની પ્રતિષ્ઠા દાવ પર લાગી ગઇ છે. ઉત્તરાખંડમાં પાંચ બેઠકો પર બાવન ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. હજારો ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. જેમાં કેન્દ્રિય પ્રધાન નિતિન ગડકરી પણ સામેલ છે. પ્રથમ તબક્કામાં આવતીકાલે જે રાજ્યોમાં મતદાન યોજાનાર છે તે પૈકી આંધ્રપ્રદેશમાં ૨૫, અરુણાચલ-૨, આસામ-૫, બિહાર-૪, છત્તીસગઢ-૧, જમ્મુ કાશ્મીર-૨, મહારાષ્ટ્ર-૭, મણિપુર-૧, મેઘાલય-૨, મિઝોરમ-૧, નાગાલેન્ડ-૧, ઓરિસ્સા-૪, સિક્કિમ-૧, તેલંગાણા-૧૭, ત્રિપુરા-૧, ઉત્તરપ્રદેશ-૧૦, ઉત્તરાખંડ-૫, પશ્ચિમ બંગાળ-૨, આંદામાન અને નિકોબાર-૧, લક્ષદ્વિપ-૪ સીટ પર મતદાન યોજાનાર છે. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં અનેક મોટા માથા ભાગ્ય અજમાવી રહ્યા છે. જેમાં વર્તમાન કેન્દ્રિય પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરીનો સમાવેશ થાય છે. ચૂંટણી પ્રચારની પૂર્ણાહુતિ થયા બાદ હવે મતદારો પર તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે.

રાફેલના નવા દસ્તાવેજોના આધારે ફરી ચકાસણીનો સુપ્રીમનો નિર્ણય

સરકારને મોટો ફટકો : તમામ વાંધાઓને સુપ્રીમ કોર્ટે ફગાવ્યા : સનસનાટીપૂર્ણ કેસમાં લીક થયેલા દસ્તાવેજોને માન્ય રાખ્યા : નવા દસ્તાવેજ ડોમેનમાં આવ્યા છે જેથી રિવ્યુ પિટિશન ઉપર ફરી એકવાર સુનાવણી કરાશે

નવી દિલ્હી, તા. ૧૦

સુપ્રીમ કોર્ટે રાફેલના મામલામાં આજે કેન્દ્ર સરકારને મોટો ફટકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે રાફેલ મામલામાં રિવ્યુ પિટિશન ઉપર નવેસરના દસ્તાવેજોના આધાર પર સુનાવણી કરવાનો ફેંસલો કર્યો છે. સીજેઆઈ રંજન ગોગોઈના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેંચ દ્વારા સર્વસંમતિથી આ અંગેનો નિર્ણય કર્યો હતો. બેંચે કહ્યું છે કે, જે નવા દસ્તાવેજો ડોમેનમાં આવ્યા છે તેના આધાર પર મામલામાં રિવ્યુ પિટિશન ઉપર સુનાવણી કરવામાં આવશે. બેંચમાં સીજેઆઈ ઉપરાંત જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ કેએમ જોસેફ પણ હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા હવે રિવ્યુ પિટિશન ઉપર સુનાવણી માટે નવેસરની તારીખ નક્કી કરાશે. રાફેલ મામલામાં સુપ્રીમ કોર્ટને એ બાબત નક્કી કરવાની હતી કે, આની સાથે સંબંધિત ડિફેન્સના જે દસ્તાવેજો લીક થયા હતા તે આધાર પર રિવ્યુ પિટિશનની સુનાવણી કરવામાં આવશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં લીક દસ્તાવેજના આધાર પર રિવ્યુ પિટિશન પર સુનાવણીનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, આ દસ્તાવેજ વિશેષાધિકારવાળા ગુપ્ત દસ્તાવેજ છે જેથી રિવ્યુ પિટિશન ફગાવી દેવામાં આવે તે જરૂરી છે. સરકારે એમ પણ કહ્યું હતું કે, જે દસ્તાવેજ પ્રશાંત ભૂષણે રિવ્યુ પિટિશનની સાથે રજૂ કર્યા છે તે વિશેષાધિકારવાળા દસ્તાવેજ અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા ગુપ્ત દસ્તાવેજ છે. રાફેલ ડિલમાં પોતાના ચુકાદા પર ફેરવિચારણા કરવાની માંગ કરતી અરજીઓ ઉપર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે છેલ્લે ૧૪મી માર્ચના દિવસે લીક દસ્તાવેજો ઉપર કેન્દ્રના વિષેશાધિકારના દાવા પર આદેશ અનામત રાખી દીધો હતો.

હકીકતમાં કેન્દ્ર સરકારે એ વખતે રાફેલ યુદ્ધ વિમાનો સાથે સંબંધિત દસ્તાવેજો ઉપર વિશેષાધિકારનો દાવો કર્યો હતો અને સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, કેટલીક જોગવાઈ હેઠળ કોઈપણ સંબંધિત વિભાગની મંજુરી વગર કોઈપણ પુરાવા રજૂ કરી શકાય નહીં. એ વખતે એજીએ એમ પણ કહ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત દસ્તાવેજો પ્રકાશિત કરી શકે નહીં. રાષ્ટ્રની સુરક્ષા સર્વોપરી છે.

અગાઉ ૧૪મી માર્ચના દિવસે વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું હતું કે, રાફેલના જે દસ્તાવેજો પર એટર્ની જનરલ વિશેષાધિકારનો દાવો કરી રહ્યા છે તે દસ્તાવેજો પ્રકાશિત થઈ ચુકયા છે. સાર્વજનિક હદમાં છે. તેમણે કહ્યું હતું કે, માહિતી અધિકાર કાનૂન હેઠળ જોગવાઈ કહે છે કે, જનહિત અન્ય ચીજો કરતા સર્વોપરી છે.

લાલૂ યાદવની જામીન અરજી સુપ્રીમે ફગાવી

ચૂંટણી વેળા લાલૂ યાદવને જેલમાં જ રહેવું પડશે : ઘાસચારા કૌભાંડમાં અપરાધી લાલૂની જામીન અરજીનો સીબીઆઈ દ્વારા તીવ્ર વિરોધ કરાયો હતો

નવી દિલ્હી, તા. ૧૦

સુપ્રીમ કોર્ટે ઘાસચારા કૌભાંડમાં રાંચીની જેલમાં સજા કાપી રહેલા લાલૂ પ્રસાદ યાદવની જામીન અરજીને ફગાવી દીધી છે. હવે લાલૂ પ્રસાદ યાદવને લોકસભાની ચૂંટણી સુધી જેલમાં જ રહેવું પડશે. મંગળવારે મામલામાં સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. ઘાસચારા કૌભાંડમાં અપરાધી જાહેર થયેલા આરજેડીના સુપ્રીમો લાલૂ પ્રસાદ યાદવની જામીન અરજીનો સીબીઆઈએ ઉગ્ર વિરોધ કરતા કહ્યું હતું કે, તેમણે મુખ્યમંત્રીના

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

મોદીની બાયોપિકની રીલીઝ અટકી

ચૂંટણી કમિશને ચૂંટણી દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની બાયોપિકની રીલીઝ અટકાવી દીધી છે. આ ફિલ્મ ૧૧ એપ્રિલે રીલીઝ થવાની હતી. આ મામલે સુપ્રિમકોર્ટમાં પણ અરજી દાખલ થઈ હતી. આચારસંહિતાના ભંગના કારણો આપી વિપક્ષ સતત આ ફિલ્મની રીલીઝ અટકાવવાની માંગ કરી રહ્યો હતો.

યાસિન મલિકની અટકાયત

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ અને અલગાવવાદી સમુહોને ફંડ પુરૂ પાડવા બદલ જેકેએલએફના પ્રમુખ યાસીન મલિકને દિલ્હીની કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે યાસિન મલિકને ૨૨ એપ્રિલ સુધી એનઆઈએને સોંપી દેવાયો છે.

વિરાટ ક્રિકેટર ઓફ ધ યર

ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી સતત ત્રીજીવાર વિઝન ક્રિકેટર ઓફ ધ યર બન્યો છે. કોહલી સાથે સૈમ કરન, જોસ બટલર, ટેમી બ્યૂમોન્ટ અને રોરી બર્ન્સને પણ આ સનમાન મળ્યુ છે. જ્યારે ભારતીય મહિલા બેટ્સમેન સ્મૃતિ મંધાના સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર બન્યા છે.

ભારત-પાક વચ્ચે શાંતિવાર્તાની ઉમ્મિદ : પાક પ્રધાનમંત્રી

પાકસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાનખાને આશા વ્યક્ત કરી છે કે લોકસભા ચૂંટણીમાં જો ભાજપ સત્તામાં આવશે તો બંને દેશો વચ્ચે શાંતિવાર્તાની સંભાવના છે. પરંતુ જો કોંગ્રેસ ચૂંટણી જીતશે તો તેઓ ભાજપના ડરથી શાંતિવાર્તામાંથી પીછેહઠ કરી શકે છે.

પીલીભીત ટાઈગર રિઝર્વમાં નાસાના સેટેલાઈટ નજર રાખશે

ઉનાળામાં જંગલોમાં ભયાનક આગ લાગે છે પરંતુ આ વખતે અમેરીકા સ્પેસ એજન્સી નાસાના બે સેટેલાઈટ પીલીભીત ટાઈગર રિઝર્વના ફોરેસ્ટ એરિયા પર નજર રાખશે.

કોંગ્રેસમાંથી અલ્પેશ ઠાકોરનું રાજીનામું

કોંગ્રેસ સંગઠનના તમામ હોદ્દા પરથી રાજીનામા આપ્યા : ધારાસભ્ય પદેથી રાજીનામુ આપ્યું નથી : ભાજપમાં જોડાશે નહિ

ગાંધીનગર

લોકસભાની ચૂંટણીનો પ્રચાર ચાલી રહ્યો છે ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકારે કોંગ્રેસના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. ચૂંટણી સમયે પાર્ટીને ઝટકો લાગ્યો છે. ગુજરાતના ઠાકોર સમાજના યુવા નેતા અલ્પેશ ઠાકોર રાજીનામું આપ્યા પછી કોઇ પાર્ટી સાથે જોડાયા નથી.

રાજીનામાના પત્રમાં અલ્પેશે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને લેખિત પત્રમાં કહ્યું છે કે મારૂં જીવન સમાજ સેવાથી જોડાયેલું છે. હું રાજનીતિમાં પણ મારા સમાજ અને ગરીબોના ઉત્થાન માટે જોડાયો હતો. રાજ્યમાં મારા સમાજના ગરીબ યુવાનોની અવગણના અને અપમાનથી હું દુખી છું. હું કોંગ્રેસના ખરાબ સમયમાં તેની સાથે જોડાયો હતો પરંતુ અત્યારે હું દુખી છું.

પત્રમાં તેણે કહ્યું છે કે મારી ઠાકોર સેનાનો આદેશ છે કે જ્યાં અપમાન, અવગણના અને વિશ્વાસઘાત હોય ત્યાં મારે રહેવું જોઇએ નહીં જેથી હું કોંગ્રેસના તમામ પદો પરથી રાજીનામું આપું છું. મને કોંગ્રેસમાં સન્માન મળ્યું નથી માત્ર વિશ્વાસઘાત મળ્યો છે. જો કે અલ્પેશ ઠાકોરે ધારાસભ્ય

પદનો ઉલ્લેખ રાજીનામામાં કર્યો નથી. અલ્પેશ ઠાકોરે જો ધારાસભ્ય પદેથી રાજીનામું આપવું હોય તો તે પાર્ટીના પ્રમુખને નહીં પણ વિધાનસભાના અધ્યક્ષને આપવું પડે છે. તેના પત્રમાં ધારાસભ્ય પદના રાજીનામાનો કોઇ ઉલ્લેખ નથી પરંતુ કોંગ્રેસના તમામ પદ પરથી રાજીનામું આપ્યું હોવાનું જણાવ્યું છે.

રાજીનામાનો પત્ર અક્ષરશઃ

અલ્પેશ ઠાકોરે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાને ઉદ્દેશીને આપેલા રાજીનામા પત્રમાં લખેલી વાતો અક્ષરશઃ કંઇક આ પ્રમાણે છે. મારું જીવન સમાજસેવા સાથે જોડાયેલું છે. હું રાજનીતિમાં પણ મારા સમાજ અને ગરીબોના ઉત્થાન માટેની વિચારધારા સાથે જોડાયેલો હતો. ગરીબો પછાતોના ઘરમાં ઉજાસ કરવાના સપના મેં જોયા છે. જેને પુરા કરવા માટે મારા આત્મામાં સતત મંથન ચાલતું હોય છે. સમગ્ર ગુજરાતના મારા સેનાનાં ગરીબ યુવાનોની અવગણનાં અને અપમાનથી યુવાનોમાં ખુબ જ દુઃખ અને આક્રોશ છે. મારા માટે મારી ઠાકોર સેના સર્વોપરી છે. મને પદ કે સત્તાની લાલસા હોય તો કદાચ હું અને મારી સેના કોંગ્રેસ પાર્ટીનાં ખરાબ અને સંઘર્ષના સમયમાં ના જોડાઈ હોત માટે જ આ નિર્ણય કરવો અમારા માટે ખુબ જ દુઃખદાયક છે. મારી સેનાનો આદેશ છે જયાં અપમાન, અવગણના અને વિશ્વાસઘાત થાય ત્યાં મારે ના રહેવું જોઈએ જેથી હું કોંગ્રેસ પાર્ટીના તમામ પદ પરથી રાજનામું આપુ છું, આવી પરિસ્થિતિનું નિર્માણ થશે તે મેં કયારેય કલ્પના પણ નહોતી કરી ભારે દુઃખ અને વિશ્વાસઘાતના એહસાસ સાથે કોંગ્રેસ પાર્ટીના તમામ પદ પરથી રાજીનામું આપું છે. જેને સહજ સ્વીકાર કરશો. છેલ્લે લખ્યુ છે કે, કોઇ એક બાબતની ઉણપ રહી સન્માન..સન્માન અને સન્માન..જેનું ભારોભાર દુઃખ છે. કોઇ એક બાબત હંમેશા મળી વિશ્વાસઘાત.. વિશ્વાસઘાત.. વિશ્વાસઘાત..

લિ.અલ્પેશ ઠાકોર

ગુજરાતનો દિકરો છું, ૨૬ બેઠકો આપજો - નરેન્દ્ર મોદી

કોંગ્રેસના નેતાઓ જેલના દરવાજે છે, હવે જેલમાં હશે

ગાંધીનગર-

ગુજરાતમાં મોદીએ ફરી એકવાર સંવેદનશીલતા સાથે મતદારો પાસે મત માગ્યા છે. તેઓ ઈમોશનલ બનીને તેમના પ્રવચનમાં કોંગ્રેસ સામે રોષ ઠાલવતા હતા. મોદીએ ૨૦૧૪માં પણ ઈમોશનલ બનીને ગુજરાતમાં મતો માગ્યા હતા. હવે પાંચ વર્ષમાં બીજીવાર ઈમોશનલ બનીને મતો માગી રહ્યાં છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં આવીને ભાવુક બની ગયા હતા. જૂનાગઢમાં તેમણે કહ્યું હતું કે હું તમારો દિકરો છું.

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસ એ ભ્રષ્ટાચારનો પર્યાય બની ગઈ છે : મોદી

સૌરાષ્ટ્રની ધરતી એ દાન, ધર્મ તેમજ સંતોની તપસ્યાની ભૂમિ : ભાજપ અને એનડીએની સરકારે કરેલા કામોના હિસાબ આજે ગુજરાતની જનતાને આપવા આવ્યું છુ : તમારો વોટ સેનાની સુરક્ષા માટે જરૂરી : મોદી

ગાંધીનગર, તા.૧૦

આજરોજ ગુજરાતના પનોતાપુત્ર અને દુનિયામાં ભારત દેશનો ડંકો વગાડનાર એવા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત લોકસભા ચૂંટણીના પ્રથમ પ્રચાર પ્રવાસની શરૂઆત સૌરાષ્ટ્રના જુનાગઢ ખાતેથી કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જુનાગઢ ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધતાં જણાવ્યું હતું કે, સોરઠ અને કાઠીયાવાડની ધરતી એ હરી અને હરની ભૂમિ છે. સૌરાષ્ટ્રની ધરતી એ દાન, ધર્મ અને સંતોની તપસ્યાની ભૂમી છે. ગીરના સાવજ અને કેસર કેરીની ભૂમિ છે. ૨૦૧૪ના લોકતંત્ર મહોત્સવમાં ગુજરાતની જનતાએ દેશની સેવા અર્થે જે જનાદેશ આપ્યો હતો તેમાં ભાજપા અને એનડીએની સરકારે કરેલા કામોનો હિસાબ આજે ગુજરાતની જનતા સમક્ષ આપવા

આવ્યો છું. કેન્દ્રમાં ભાજપાની સરકાર ઉપર એકપણ ભ્રષ્ટાચારનો દાગ લાગેલ નથી. પ્રધાનમંત્રીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ એ ભ્રષ્ટાચારનો પર્યાય બની ગઇ છે, ત્યારે તેમના ખાતામાં તુગલઘ રોડ ભ્રષ્ટાચારી ગોટાળાના નામથી ભ્રષ્ટાચારના વધુ એક કૌભાંડનો ઉમેરો થયો છે. મધ્યપ્રદેશમાં સરકાર બન્યાંને માત્ર ૬ મહિના પણ નથી થયાંને કોંગ્રેસના મુખ્યમંત્રીના સગાસંબંધીઓ અને તેઓના સૌથી અંગત કહેવાતાં કર્મચારીઓ પાસેથી નોટોના બંડલો ને બંડલો નિકળવા માંડ્યા છે. મધ્યપ્રદેશ તો એક માત્ર સેમ્પલ છે, આપસૌ એ વિચારવાનું છે કે, આ સેમ્પલમાં જો આવું થઈ શકતું હોય તો જો ભુલેચૂકે પણ દેશનું સુકાન કોંગ્રેસના હાથમાં આવે તો તેઓ દેશની શું હાલત કરે ? કોંગ્રેસે ગર્ભવતી મહિલાઓને અપાતી નાણાંકિય મદદના પૈસા પણ લૂંટી લીધા છે. ગરીબોનો કોળીયો ઝૂંટવીને નેતાઓના પેટ ભર્યા છે. કોંગ્રેસ માત્ર પૈસા લુંટવા માટે જ સત્તામાં આવે છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ તેમજ કર્ણાટક કોંગ્રેસના એટીએમ મશીન બની ગયા છે.

Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com